# બોનસ શેર ના હિસાબો

**કંપની પોતાના સત્તાવાર થાપણ માં રહીને પોતાની શેર મૂડી બે રીતે વધારી શકે છે.**

1) હક ના શેર બહાર પડી ને
2) બોનસ શેર આપી
    - જ્યારે કોઈ પણ કંપની નવા ઇકવીટી શેર બહાર પડે એટલે પોતાના હાલના શેરહોલ્ડરો ને નવા શેર ખરીદવાની જે તક આપે છે તેને હકના શેર કહે છે.
    - કેટલીક વાર કંપનીના ચોપડે  નહિ વહેંચાયેલ નફો એટલે કે અનામત ભંડોળ ઘણી મોટી રકમ  માં ભેગું થયું હોય ત્યારે હાલ ના શેરહોલ્ડરો વિના મુલ્યે જે શેર આપવામાં આવે છે તેને બોનસ શેર કહેવાય છે.

**બોનસ શેર ની આમનોંધ**

**અ) અપૂર્ણ ભરપાઈ શેર હોય ત્યારે**

1) ઈ શેર ના છેલલા હપ્તા ખાતે ઉધાર
    તે ઈ શેર મૂડી ખાતે જમા
2) અનામત ભંડોળ ખાતે ઉધાર
    તે ઇકવીટી શેર હોલ્ડર ના બોનસ ખાતે જમા
3) ઈ શેર હોલ્ડર ના બોનસ ખાતે ઉધાર
    તે ઈ શેરના છેલ્લા હપ્તા ખાતે જમા

**બ) પૂર્ણ ભરપાઈ શેર હોય ત્યારે**

1) મૂડી પરત અનામત ખાતે ઉધાર
   જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉધાર
   અનામત ભંડોળ ખાતે ઉધાર
    તે ઈક્વિટી શેરહોલ્ડર ના બોનસ ખાતે જમા
2) ઈ શેર હોલ્ડર ના બોનસ ખાતે ઉધાર
    તે ઇક્વિટી શેર મૂડી ખાતે જમા

## ટૂંકા દાખલાઓ

1) હરિપથ લિમિટેડે તેના અધૂરા ભરાયેલા ઈ શેર ને પુરેપુરા ભરાયેલા કરવા માટે સામાન્ય અનામત માંથી બોનસ જાહેર કર્યું ત્યારબાદ  જામીનગીરી પ્રીમિયમ અને મૂડી પરત અનામત ધારણ કરેલા પાંચ શેર ના બદલામાં પુરા ભરાયેલા ત્રણ ઇક્વિટી શેર બોનસ તરીકે વહેંચવા ઉપયોગ કરવામાં આવ્યો .

**31/3/2026 ના રોજ નીચેની બાકીઓ હતી**

| | |
|---|---|
| ભરપાઈ ઈ શેરમૂડી ( દરેક રૂપિયા 10નો 8 ભરપાઈ ) | 4,32,000 |
| નફા નુકશાન ખાતું જમા | 36,000 |

સામાન્ય અનામત 1,80,000

મૂડી પરત અનામત 2,70,000

જામીનગીરી પ્રીમિયમ 54,000

આમનોંધ લખો ( 2009 = 3 માર્ક્સ)

2) નેહા લિમિટેડ તેના અંશતઃ ભરપાઈ શેર ને પૂર્ણ ભરપાઈ કરવા સામાન્ય અનામત માંથી બોનસ જાહેર કર્યું ત્યાર બાદ જામીનગીરી પ્રીમિયમ અને મૂડી અનામતનો ધારણ કરેલા 5 શેર ના બદલામાં 2 ઇકવીટી શેર બોનસ તરીકે વહેંચવા ઉપયોગ કરવામાં આવ્યો.

31/3/2026 ના રોજ બાકી નીચે પ્રમાણે હતી :

ઇકવીટી શેર મૂડી દરેક રૂપિયા 100 શેરદીઠ 70 ભરપાઈ 28,00,000

સામાન્ય અનામત 14,00,000

મૂડી અનામત 9,00,000

જામીનગીરી પ્રીમિયમ 7,20,000

આમનોંધ લખો ( નવેમ્બર 2012 = 3 માર્ક્સ)

3) દત્તાત્રેય કંપની તેના અપૂર્ણ ભરપાઈ શેર ને પૂર્ણ ભરપાઈ કરવા માટે સામાન્ય અનામત માંથી બોનસ જાહેર કર્યું ત્યારબાદ જામીનગીરી પ્રીમિયમ અને મૂડી અનામતનો ધારણ કરેલા 5 શેર ના બદલામાં 3 ઈ. શેર બોનસ તરીકે વહેંચવા માટે ઉપયોગ કરવામાં આવ્યો.

31/3/26 ની બાકી નીચે પ્રમાણે છે

ઈ શેર મૂડી ( દરેક રૂપિયા 100 75 ભરપાઈ ) 6,00,000

સામાન્ય અનામત 2,50,000

મૂડી અનામત 3,30,000

જામીનગીરી પ્રીમિયમ 1,50,000

આમનોંધ લખો ( 1996 અને 2002 = 3 માર્ક્સ)

4) દીક્ષિત લિમિટેડ નું સત્તાવાર થાપણ 10,00,000 રૂ. છે જે રૂ. 10 નો 1 એવા 1,00,000 માં વહેંચાયેલી છે તેનું અનામત ભંડોળ 6,00,000 છે 80,000 ઈ શેર શેર દીઠ 2 રૂ.ના પ્રીમયમેં બહાર પડ્યા છે જેના પર શેર દીઠ 9 પ્રીમિયમ સહિત મંગાવેલને ભરપાઈ થયેલા છે અનામતનો કેટલાક ભાગ બોનસ તરીકે વહેચી અધૂરા ભરપાઈ ઈ શેર ને પુરા ભરપાઈ થયેલા જાહેર કરવા 5 શેર પર 1 શેર ના ધોરણે બોનસ શેર 20 % પ્રીમયમેં આપવા (2002= 3 માર્ક્સ )

કંપની ના ચોપડામાં નીચેની બાકી હતી :

ઈ શેર મૂડી 100 રૂ. 80 ભરાયેલા 80,00,000

નોંધણી પહેલાનો નફો 4,40,000

નફા નુકશાન ખાતું ( જમા ) 15,60,000

જામીનગીરી પ્રીમિયમ 1,60,000

મૂડી પરત અનામત 6,40,000

કંપની એ પોતાના અંશથ શેર ને પૂર્ણ ભરપાઈ કરવા બોનસ જાહેર કર્યું આમનોંધ લખો (2014= 3 માર્ક્સ)

5) મનન કંપની ના ચોપડા માંથી નીચે મુજબ ની માહિતી પ્રાપ્ત થઇ છે:

| | |
|---|---|
| ઈ શેર મૂડી દરેક રૂ. 10 ના 9 ભરપાઈ | 18,00,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 40,000 |
| નોંધણી પહેલાનો નફો | 60,000 |
| મૂડી પરત અનામત | 1,60,000 |
| નફા નુકશાન ખાતું જમા બાકી | 1,40,000 |

કંપનીએ અંશતઃ ભરપાઈ શેરને પુરા ભરપાઈ કરવા માટે બોનસ જાહેર કર્યું.

આમનોંધ લાખો (2006= 4 માર્ક્સ)

6) રૂ.10 નો એક એવા 1,00,000 ઈશેર પર શેર દીઠ 3 ના બાકી હપ્તા પેટે બાહુબલી લિમિટેડે સામાન્ય અનામત માંથી 3,00,000 નો ઉપયોગ નક્કી કર્યો ત્યારબાદ જામીનગીરી પ્રીમિયમ બાકી માંથી દરેક 5 શેરદીઠ 1 ઈશેર પૂર્ણ ભરપાઈ તરીકે બોનસ આપવા આમનોંધ લખો (2017= 3 માર્ક્સ )

7) હિરા લિ.ની શેરમૂડી દરેક રૂ.૧૦નો એક એવા ૮,૦૦,૦૦૦ ઇકિ.શેરમાં વહેંચાયેલી છે. હાલમાં તેના ઇકિ. શેરની બજાર કિંમત રૂ.૯૦ છે. કંપની ઇકિ.શેરમૂડીના ૩/૫ ભાગ જેટલી રકમ અનામત ભંડોળ માંથી બોનસ તરીકે આપવાનું નક્કી કરે છે. તે માટે દરેક શેર ધારણ કરનારે બોનસની પૂરી રકમની પતાવટ પેટે રૂ. ૪ નાં શેર (૨/૫ ભરપાઈ થયેલ શેર) આપવામાં આવે છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (એપ્રિલ-2023)